# વાપી મહાનગરપાલિકા-વાપી

## ૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

## ૧૧ માસના ધોરણે હંગામી-કરાર આધારિત જગ્યા ભરવાની જાહેર નિવિદા

## (મહેકમ શાખા)

સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦-ગુજરાત અંતર્ગત વાંપી મહાનગરપાલિકા ખાતે સિટી મેનેજર- UWM (Use Water Management) ની જગ્યા ઉપર ૧૧ માસના કરાર આધારિત નીચે મુજબની વિગતે નિમણૂક કરવાની થાય છે. આ જગ્યા ઉપર નિમણૂક મેળવવા લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ તા.૦૧/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી બપોરે ૧૨:૦૦ કલાક દરમિયાન વાપી મહાનગરપાલિકા કચેરી ખાતે હાજર રહી પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ, બપોરે ૧:૦૦ થી ૨.૦૦ કલાક સુધીમાં વૉક-ઇન ઇન્ટરવ્યૂ શરૂ કરવામાં આવશે. ઉમેદવારે ઈન્ટરવ્યૂ સમયે પોતાની શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્રો, આધાર પુરાવા તથા અન્ય જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલો તેમજ અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે લાવવાના રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત/અનુભવ | અનુભવ | માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|---|
| ૧ | સિટી મેનેજર-UWM | ૧ | B.E./B-Tech-Civil/ Enviroment/Mechanical/ Water Resource | ૧ વર્ષ (ડિગ્રી મેળવ્યા બાદનો) | ૩૦,૦૦૦/- |

શરતો:-

(૧) મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત ના પત્ર નં. SBM/૦૧૦૮/૦૭/૨૦૨૬ તા.૦૪/૦૮/૨૦૨૬ના પત્ર મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૨) ઇચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી, બાયોડેટા તથા તમામ અસલ પ્રમાણપત્રો તેમજ પ્રમાણપત્રોની નકલ સાથે લાવવાની રહેશે.

(૩) વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે દરેક ઉમેદવારે પોતાના સ્વખર્ચે હાજર રહેવાની રહેશે.

(૪) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક ઇન્ટરવ્યું ધ્વારા કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનને અબાધિત રહેશે.

સહી/- નાયબ મ્યુનિસિપલ કમિશનર<br>
વાપી મહાનગરપાલિકા-વાપી

નં. માહિતી/વલસાડ/૩૨૮/૨૦૨૬